**<u>ઉનાના મહે. એડી. ચીફ જ્યુ.મેજી. સાહેબની કોર્ટમાં, મુ. ઉના</u>**

**ફોજદારી કેસ નં. ૩૫૧૮/૨૦૨૫**
**આંકઃ–**

**ફરિયાદી** : શ્રી સરકાર

વિ રૂ દ્ધ

**આરોપી** : **નાનુબેન ઉર્ફે નાનીબેન વા.ઓ. ધીરૂભાઇ પુનાભાઇ શિયાળ**
રહે. માણેકપુર ગામ, તા. ઉના, જી. ગીર સોમનાથ.

**ગુન્હો** : **<u>પ્રોહિબિશન એક્ટની કલમ – ૬૫ (એ)(એ), ૧૧૬ (બી) મુજબ</u>**

**<u>– ઃ: હુ ક મ ઃ–</u>**

૧. હાલના આરોપી ઉપર ફરિયાદ તેમજ ચાર્જશીટમાં જણાવ્યા મુજબના ગુન્હાનો આક્ષેપ છે.
૨. હાલના ગુન્હાના કામે આરોપી પોતાના ઉપર મુકવામાં આવેલ ગુન્હાના તહોમતનો સ્વીકાર કરી લોક અદાલતમાં સ્વેચ્છાએ ગુન્હાની કબુલાત આપી અલગથી કબુલાત પુરસીસ રજુ રાખેલ છે. જેથી ગુન્હાની ગંભીરતા તેમજ સજાની જોગવાઇઓ ધ્યાને લેતા, હાલના ગુન્હાના કામે આરોપી દ્વારા મુકવામાં આવેલ ગુન્હાની કબુલાત માન્ય રાખી લોક અદાલતમાં ગુનાની કબુલાત આપતા હોય ઓછો દંડ તેમજ સજા કરવાનું યોગ્ય, ઉચિત અને ન્યાયોચિત જણાઈ આવતુ હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–ઃ: આખરી હુકમ ઃ:–**

આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૨૭૫ (જુની ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ – ૨૫૨) મુજબ તકસીરવાન ઠરાવી **પ્રોહિબિશન એક્ટની કલમ – ૬૫ (એ)(એ), ૧૧૬ (બી)** મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અન્વયે કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ **રૂ. ૫૦૦/– (અંકે રૂપિયા પાંચ સો પુરા) નો દંડ** ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો **દિન – ૫** ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આ કામે મુદ્દામાલ પાવતીમાં દર્શાવવામાં આવેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા. ૧૪/૦૩/૨૦૨૬ સ્પેશિયલ સીટીંગ મેજીસ્ટ્રેટ, ઉના
ઉના.